## કચરા કૌભાંડની વચ્ચે જ ડમ્પિંગ સાઇટ પર આગ લાગતાં શંકાકુશંકા

# ખજોદમાં આગ લાગી કે લગાવાઈ?

**સવારે** 10.30 કલાકે લાગેલી આગ ફાયર સ્ટેશનની ટીમોની ભારે જહેમત બાદ છેક સાંજે માંડ કાબૂમાં આવી

**પ્રોસેસિંગમાં** નિષ્ફળ એજન્સી સામે તપાસ ચાલુ છે, ત્યારે લાગેલી આગથી સવાલો ઊઠ્યા



સુરતઃ શહેરભરનો કચરો જ્યાં ઠલવાય છે તે, સુરત મનપાની ખજોદ સ્થિત કચરા ડમ્પિંગ સાઈડ છેલ્લા ઘણાં સમયથી વિવાદમાં છે. ઈજારદાર સી.ડી. ટ્રાન્સપોર્ટ દ્વારા કચરાને પ્રોસેસીંગ વગર બારોબાર જિલ્લા વિસ્તારમાં ઠાલવ્યો હોવાનુ કૌભાંડ તાજેતરમાં બહાર આવ્યું છે. ત્યારે સોમવારે સવારે અચાનક આ સાઈટ પર શંકાસ્પદ રીતે ભીષણ આગ લાગતા ચકચાર મચી જવા પામી હતી. સાંજ સુધી ચાલેલી આ આગમાં હજારો ટન કચરો બળી ગયો હોવાથી એજન્સી વધુ એક વખત શંકાના દાયરામાં આવી છે. આગના કારણે ઊઠેલા કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. મોડી સાંજ સુધી છ ફાયર સ્ટેશનની ટીમોએ આગને કાબૂમાં લેવામાં સફળતા મેળવી હતી પરંતુ બાદમાં ફરી આગ લાગી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સોમવારે સવારે 10:30 કલાકે ખજોદ સ્થિત કચરા ડમ્પિંગ સાઈટ પરથી વેસ્ટેજ કચરામાં આગ લાગવાનો કોલ ફાયર કંટ્રોલને મળ્યો હતો. ભિમરાડ, ભેસ્તાન, માનદરવાજા, ડિંડોલી, સરથાણા અને મજુરા ફાયર સ્ટેશનની ટીમોએ દોડી જઈ આગ ઓલવવા માટે અંદાજે 15થી 20 ફાયર ફાઈટિંગ વાહનોનો ઉપયોગ કર્યો હતો.

જો કે, કચરાના ઢગલામાં આગ ઓલવાયા બાદ ફરી ફરીને ભડકી ઊઠતી હોવાથી ફાયર જવાનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ફાયર સબ ઓફિસર દીપક બારોટે જણાવ્યું હતું કે, સાઈટ પર આગ વારંવાર સળગી ઊઠતી હોવાથી સંપૂર્ણ નિયંત્રણ મેળવવામાં સમય લાગી રહ્યો છે.

આ ઘટનાના પગલે આસપાસના વિસ્તારોમાં હવામાં દુર્ગંધ અને ધુમાડાના કારણે લોકો પરેશાન થયા હતાં, જો કે કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી.

### આ આગ નથી, ભાજપના ભ્રષ્ટાચારનો ધુમાડો છે : વિપક્ષી નેતા પાયલ સાકરિયાએ સવાલો ઉઠાવ્યા

સુરતના ખજોદ ડમ્પિંગ સાઇટ પર લાગેલી ભયાનક આગ મુદ્દે સુરત મહાનગરપાલિકાના વિપક્ષ નેતા પાયલ સાકરીયાએ ગંભીર આક્ષેપો કર્યા છે. પાયલ સાકરિયા સાથે વિપક્ષ દંડક રચનાબેન હીરપરા અને બીજા કોર્પોરેટરોએ ખજોદ ડમ્પિંગ સાઇટની મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે, આગ લાગ્યાના ચાર પાંચ કલાક વીતી ગયા હોવા છતાં, મનપાના અધિકારીઓ કે જીપીસીબી કે પોલીસના અધિકારી ફરક્યા નથી, જેના પરથી સ્પષ્ટ થાય છે કે આ લોકોની કેટલી મિલીભગત હશે. જે મનપાની ગંભીર બેદરકારી દર્શાવે છે. પાયલ સાકરીયાએ જણાવ્યું કે છેલ્લા 15 દિવસથી વિપક્ષ દ્વારા કચરાના ઢગલા અંગે ચેતવણી આપવામાં આવી રહી હતી અને સંબંધિત કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરી બ્લેકલિસ્ટ કરવાની માંગ કરવામાં આવી હતી. છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. કચરા નિકાલના કોન્ટ્રાક્ટર સામે તાત્કાલિક કાર્યવાહી કરી બ્લેકલિસ્ટ કરવામાં આવે, આ સમગ્ર કૌભાંડમાં સામેલ અધિકારીઓ સામે પણ કડક કાર્યવાહી થાય અને તપાસ સમિતિ ઉપર પણ એક સ્વતંત્ર તપાસ સમિતિ રચી સમગ્ર કચરા કૌભાંડની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે.

# ક્રીપ્ટોમાં રોકાણ કરાવી ઠગાઇ કરનાર ત્રણ ઝડપાયા

**જામનગરના** આરોપીઓએ બનાવટી એપ બનાવીને ઠગાઇ કરી હતી

સુરતઃ ક્રીપ્ટો કરન્સીમાં રોકાણ કરવાથી મોટો નફો મળશે તેવી લાલચ આપી લાખોની છેતરપિંડી કરનારા ગેંગ સામે સુરત શહેર સાયબર ક્રાઇમ સેલે કાર્યવાહી કરી છે. જામનગર ખાતેથી ત્રણ આરોપીઓને ઝડપી પાડીને સમગ્ર કાવતરાનો ભાંડો ફોડવામાં આવ્યો છે.

ટેલિગ્રામના માધ્યમથી ક્રીપ્ટો કરન્સીના ટાસ્કમાં રોકાણ કરવાથી ઊંચું વળતર મળશે તેવી લોભામણી વાતોની જાહેરાત જોઇને ફરિયાદીએ ટુકડે ટુકડે કુલ રૂ.12,20,366.80નું રોકાણ કર્યું હતું. બાદમાં આરોપીઓએ નફો આપવાને બદલે સંપર્ક કાપી નાંખ્યો હતો. જેથી આ બનાવની ફરિયાદ કરવામાં આવી હતી. અગાઉ પોલીસે મુખ્ય આરોપી તેજસ મહેન્દ્રભાઈ સંઘવી (ઉ.વ. 40, ધંધો શેરબ્રોકર, રહે. જીનકુશલ રેસીડન્સી, જામનગર)ને ગોવાથી જામનગર જતી ટ્રેનમાંથી ઝડપી લેતા અન્ય આરોપીના નામ ખૂલ્યા હતાં. તમામ આરોપીઓને નામદાર કોર્ટમાં રજૂ કરી બે દિવસના પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવવામાં આવ્યા છે.

### પકડાયેલા આરોપીઓની ભૂમિકા

**(૧)સચિનભાઇ અતુલભાઇ આસરે** (ઉ.વ. ૩૨, અભ્યાસ ધોરણ-૧૨ પાસ, ધંધો દલાલી (મોબાઇલ લે-વેચ), રહે. ભાટીયા જેરામવાડી ધર્મશાળા, આર્યસમાજ સ્કૂલ સામે, ખંભાળીયા નાકા બહાર, જામનગર) અગાઉ પકડાયેલા તેજશ સંઘવી પાસેથી Indian Overseas Bank તથા નવાનગર બેંકના ખાતાઓ ૨ ટકા કમિશનના આધારે ટ્રાન્જેક્શન માટે મેળવી આ ખાતાઓ આરોપી અશોકભાઇ ખાણધરને આપ્યા હતા, ત્યારબાદ એકાઉન્ટ હોલ્ડર તેજશ સંઘવી અને ચિરાગ ગુજરાતી મારફતે બેંકમાંથી રૂ.૫,૦૦,૦૦૦ તથા ચિરાગ દ્વારા વધુ રૂ.૬,૦૦,૦૦૦ રોકડા ઉપડાવી અશોકભાઇ ખાણધરને પહોંચાડ્યા હતા અને આ સમગ્ર ફ્રોડ વ્યવહારમાં કમિશન પેટે રૂ.૮૦,૦૦૦ મેળવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

**(૨) ચિરાગ હિતેશભાઇ શાંતિલાલ** ગુજરાતી (ઉ.વ. ૨૬, અભ્યાસ ધોરણ-૧૨ પાસ, ધંધો લોન બ્રોકર, રહે. પ્લોટ નં. ૧/૧૨, રાજમોતી ટાઉનશિપ, મોહન નગર, ગુલાબ નગર, જામનગર)ની ભૂમિકા એવી સામે આવી છે કે તેણે આરોપી સચિન માટે કમિશનના બદલામાં ફ્રોડના રૂપિયા ઉપાડવાની જવાબદારી સંભાળી હતી, જેમાં તેણે આરોપી તેજશ સંઘવી સાથે ઇન્ડિયન ઓવરસીઝ બેંકમાં રૂબરૂ જઈ રૂ.૫,૩૦,૦૦૦ રોકડા ઉપાડ્યા હતા અને આ વ્યવહાર બદલ રૂ.૨૦,૦૦૦ કમિશન પેટે લઈને સાયબર છેતરપિંડીના નાણાકીય નિકાલમાં મહત્વની કડી તરીકે કામગીરી કરી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

**(૩) અશોકભાઇ અમૃતલાલ ખાણધર** (ઉ.વ. 33, અભ્યાસ ધોરણ-૧૨ પાસ, ધંધો ખેતીકામ, રહે. ભવાન લાધાની વાડી, ભાનું પેટ્રોલ પંપ પાછળ, રણજીત સાગર રોડ, જામનગર)ની ગુનામાં ભૂમિકા મુજબ આરોપીએ આરોપી સચીન પાસેથી Indian Overseas Bank તથા નવાનગર બેંકના બેંક ખાતાઓના ટ્રાન્જેકશન ૧૦ ટકા કમિશનના દરે મેળવી નાસતા ફરતા આરોપીને પહોંચાડવાનું કામ કર્યું હતું, જેમાં તેણે સચીન પાસેથી ફ્રોડના રોકડા રૂ.૪,૫૦,૦૦૦ તથા રૂ.૫,૭૦,૦૦૦ મેળવી તે રકમ આગળ મોકલી આપી હતી અને આ રીતે સાયબર છેતરપિંડીના નાણાં વહેંચાણમાં સક્રિય ભાગ ભજવ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

### મહારાષ્ટ્રીયન સમાજમાં હલદી કંકુનો પ્રારંભ



■ સુરત શહેરમાં જુદા જુદા સમાજ અને રાજ્યના લોકો વસતા હોવાથી અહીં દરેક તહેવારોની ઝલક જોવા મળે છે. હાલમાં સુરતમાં વસતા મૂળ મહારાષ્ટ્રના લોકો હલદી-કંકુ ઉજવી રહ્યાં છે તેની વચ્ચે બાવલે ગ્રામસ્થ મંડળ દ્વાર રવિવારે આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. (તસવીર : હેમંત ડેરે)

# પરવટ પાટિયા પર ચપ્પુ બતાવી યુવાનનું સરેઆમ અપહરણ

**અગાઉ** રેસ્ટોરન્ટમાં બેસવા બાબતે થયેલી મારામારીની અદાવતમાં કુરિયર બોયને ઉઠાવી લેવાયો

સુરત : ડિંડોલી વિસ્તારમાં રહેતા ફરિયાદી પ્રદીપસિંહ રાજેશ્વરસિંહ રાજપૂત કુરિયર બોય તરીકે નોકરી કરે છે, તેમણે પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ ઘટના 16 જાન્યુઆરી, 2026ના રોજ બપોરે આશરે 1:30 વાગ્યે પરવટ પાટિયા ચાર રસ્તા પાસે, ડી.જી.પોઈન્ટ એપાર્ટમેન્ટની સામે બની હતી. પ્રદીપસિંહ જ્યારે કુરિયરની ડિલિવરી આપીને નીચે ઊતર્યા ત્યારે આકાશ રાજપૂત, ગોપાલ અને અન્ય છ જેટલા શખસોએ તેમને ઘેરી લીધા હતા.

આરોપીઓએ તેમને ગાળો આપી માર માર્યો હતો અને બળજબરીપૂર્વક બ્લૂ કલરની સુઝુકી ફોર-વ્હીલ ગાડીમાં બેસાડી દીધા હતા. ગાડીમાં બે ઈસમોએ પ્રદીપસિંહની કમર પર ચપ્પુ રાખી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અપહરણકારો તેમને મહારાણા પ્રતાપ ચોક, પૂર્વાંચલ રેસ્ટોરન્ટ અને ડિંડોલી બ્રિજ નીચે ફેરવી અંતે કેસર ભવાની સોસાયટી પાસે ઉતારીને ફરાર થઈ ગયા હતા. પોલીસ ફરિયાદ મુજબ, આ ઘટના પાછળ 14 જાન્યુઆરીના રોજ થયેલી એક માથાકૂટ જવાબદાર છે.

પૂર્વાંચલ રેસ્ટોરન્ટમાં બેસવા જેવી નજીવી બાબતે પ્રદીપસિંહ અને આરોપી આકાશના પિતરાઈ ભાઈ અભિષેક રાજપૂત વચ્ચે બોલાચાલી થઈ હતી, જેમાં પ્રદીપસિંહે અભિષેકને માર માર્યો હતો. આ અદાવત રાખીને આકાશે તેના મિત્રો સાથે મળીને આ અપહરણનું કાવતરું ઘડ્યું હોવાનું મનાય છે.

# રાંદેર અથવા ઝોનમાં બે દિવસ પાણી કાપ

**બુધવારે** સવારે 9 વાગ્યાથી ગુરુવારે બપોરે 12 વાગ્યા સુધી પાણી પુરવઠો બંધ રહેશે

સુરત : મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા રાંદેર વોટર વર્ક્સ ખાતે મહત્વની ટેક્નિકલ કામગીરી હાથ ધરાનાર હોવાથી શહેરના સાઉથ-વેસ્ટ (અઠવા) અને પશ્ચિમ ઝોનના અનેક વિસ્તારોમાં બુધવારના રોજ સવારે 9 વાગ્યાથી ગુરુવારના રોજ બપોરે 12 વાગ્યા સુધી રાંદેર વોટર વર્ક્સ પરથી મળતો પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે. રાંદેર વોટર વર્ક્સ ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ફિલ્ટર બેડમાંથી નીકળતી લાઈનને ટ્રીટેડ વોટર લાઈન સાથે જોડવાની તેમજ ત્યાંથી 1200 વ્યાસની લાઈનને અંડરગ્રાઉન્ડ ટાંકી સાથે ઈનલેટ કનેક્શન કરવાની કામગીરી હાથ ધરાશે. મનપાએ વધુમાં જણાવ્યું છે કે તા. ગુરુવારના રોજ બપોરે 12 વાગ્યા બાદ શરૂ થનાર પાણી પુરવઠો પણ ઓછા પ્રેશરથી, ઓછા જથ્થામાં અથવા નહીંવત મળવાની શક્યતા રહેશે.

### ક્યા વિસ્તારમાં ક્યારે અસર રહેશે ?

1. **04/02/2026 - પશ્ચિમ (રાંદેર) ઝોન :** એલપી સવાણી રોડ બંને બાજુ, અડાજણ, કબૂતર સર્કલથી પાલ પાટીયા-રાજહંસ કેમ્પસ, પાલ, પાલનપુર ગામ, ભેંસાણ, ઇસ્કોન મંદિર રોડ, ગૌરવપથ રોડ, રાંદેર ગામતળ, ગોરાટ રોડ, જહાંગીરપુરા, જહાંગીરાબાદ, ઉગત કેનાલ રોડ, મોરા ભાગળ, રામનગર સહિત સંલગ્ન વિસ્તાર
2. **05/02/2026 - સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન :** અઠવાગેટ, લાલ બંગલો, ઘોડદોડ રોડ, ભટાર રોડ, સિટી લાઇટ રોડ, પીપલોદ, ઉમરા ગામતળ, નર્મદ યુનિવર્સિટી, એસવીએનઆઇટી કેમ્પસ, આસપાસ, રાંદેર ઝોનમાં અડાજણ ગામતળ, આનંદમહલ રોડ, હનીપાર્ક રોડ, જોગાણીનગર, પાલનપુર પાટીયા, તાડવાડી, ઝગડીયા ચોકડીથી ટ્વિન ટાવર સુધીનો વિસ્તાર

# કચરા કૌભાંડમાં પૂર્વ અધિકારીઓને આડે હાથે લેતા ડે. કમિશનર ગુરવે

**પૂર્વ** અધિકારીઓ જ્વલંત નાયક અને અબ્બાસ પઠાણ 10 દિવસ બાદ નક્કર ખુલાસા વગર હાજર થતાં તપાસ કમિટી અકળાઇ

સુરતઃ સુરત મનપાની પ્રતિષ્ઠાને દાગ લગાડનાર ખજોદ વેસ્ટ ડિસ્પોઝલ સાઇટના કચરા કૌભાંડની તપાસમાં જવાબદાર અધિકારીઓ નકકર જવાબ આપવાને બદલે ગલ્લાતલ્લા કરી રહ્યા હોવાથી તપાસ કમિટિની તપાસ હજુ ઠેર ની ઠેર છે. શુક્રવારે તપાસ કમિટિ સમક્ષ હાજર થયેલા સોલિડ વેસ્ટ વિભાગના પૂર્વ મેનેજર જ્વલંત નાયક અને આસિસ્ટન્ટ ઈજનેર અબ્બાસ પઠાણે વિભાગ માટે અભ્યાસ માટે ફાઇલ મળતી નથી તેવું રટણ કરતા તમાસ કમિટીની સભ્યો અકળાયા હતા. ખાસ કરીને ડેપ્યુટી કમિશનર દિનેશ ગુરવે બંનેને આડે હાથ લીધા હતા અને જરૂરી ફાઈલો ઉપલબ્ધ કરાવી ત્રણ ચાર દિવસમાં જવાબ સાથે હાજર થવા અલ્ટીમેટમ આપ્યું છે.

ખજોદ સાઈટ પર કચરાના યોગ્ય નિકાલ માટે રૂ.213 કરોડના પ્રોજેક્ટમાં સી.ડી. ટ્રાન્સપોર્ટેશન એજન્સીની ગંભીર ગરબડી છતાં રૂ.107 કરોડની ચૂકવણી કરવામાં આવી હોવાનો મુદ્દો તપાસના કેન્દ્રમાં છે. આ મામલે સાઈટની કામગીરી શરૂ થઈ ત્યારે જવાબદારી સંભાળનાર પૂર્વ અધિકારીઓ જ્વલંત નાયક અને અબ્બાસ પઠાણને નોટિસ પાઠવી 30 જાન્યુઆરી સુધીમાં જવાબ માંગવામાં આવ્યો હતો. જો કે, 10 દિવસનો સમયગાળો મળ્યા બાદ પણ બંને પૂર્વ અધિકારીઓ શુક્રવારે તપાસ સમિતિ સમક્ષ ‘ફાઈલો નથી, પુરાવા નથી’નું એકસરખું રટણ કરતાં નજરે પડ્યા. કોઈપણ તાર્કિક પુરાવો કે સ્પષ્ટ જવાબ ન આપી શકતા અધિકારીઓએ વિભાગ તરફથી ફાઈલો આપવામાં ન આવી હોવાનું બહાનું આગળ ધર્યું હતું. આ લુલો બચાવ સાંભળતાં જ ડેપ્યુટી કમિશનર દિનેશ ગુરવ બરાબરના અકળાયા હતા. 10 દિવસ સુધી તૈયારી કરવાનો સમય મળ્યો હોવા છતાં અગાઉ જાણ કેમ ન કરી? અને પુરાવા મેળવવા માટે શું પ્રયાસો કર્યા? તેની કડક પૂછપરછ કરતાં બંને અધિકારીઓનો રીતસરનો ઉધડો લેવાયો હતો. તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને તાકીદે તમામ સંબંધિત ફાઈલો અને પુરાવા ઉપલબ્ધ કરાવવાની સ્પષ્ટ સૂચના આપી દીધી હતી. તપાસ સમિતિએ તાકીદ કરી છે કે, શંકાસ્પદ પ્રશ્નોના જવાબ અથવા યોગ્ય ખુલાસા માટે ટૂંક સમયમાં ફરી તેડું મોકલાશે. હવે આવનારા દિવસોમાં પૂર્વ અધિકારીઓ શું ખુલાસો કરે છે અને કચરા કૌભાંડમાં કોની સામે શું કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર મંડાઈ છે.

# સુરત RTOમાં એજન્ટ બાદ હવે વાહન ડીલરોને પણ ‘નો એન્ટ્રી’

**અધિકારીઓએ** સિક્યોરિટીને એલર્ટ કરી દીધી, એજન્ટ કે વાહન ડીલરોને પ્રવેશ નહીં આપવા આદેશ

સુરતઃ સુરત આરટીઓ કચેરીમાં એજન્ટોના પ્રવેશ પર પ્રતિબંધ બાદ હવે વાહન ડીલરોના પ્રતિનિધિઓને પણ કચેરીમાં પ્રવેશ આપવામાં નહીં આવતાં ફરી એકવાર વિવાદ અને ઊહાપોહ સર્જાયો છે.

મહેસાણા આરટીઓ કચેરીમાં એજન્ટોના પ્રવેશ પર પ્રતિબંધ બાદ સોમવારથી સુરત આરટીઓ કચેરીમાં પણ એજન્ટોના પ્રવેશ પર સંપૂર્ણ પાબંદી લાદવામાં આવી છે. આરટીઓ અધિકારી એચ.એમ. પટેલે ગત સપ્તાહે સિક્યુરિટી ગાર્ડ્સને બોલાવી એજન્ટોના પ્રવેશ મુદ્દે કડક ઠપકો આપ્યો હતો. બે સિક્યુરિટી ગાર્ડ્સના લેખિત નિવેદન પણ લેવામાં આવ્યા હતા અને સિક્યુરિટી હેડને બોલાવી ખખડાવ્યા હોવાનું જાણવા મળે છે. આ કાર્યવાહીના પગલે સોમવારે કચેરી ખૂલતાની સાથે જ સિક્યુરિટી સ્ટાફ એલર્ટ થઈ ગયો હતો. એન્ટ્રી ગેટ પર ફરજ બજાવતા ગાર્ડ્સને એજન્ટો સાથે હવે વાહન ડીલરોને પણ કચેરીમાં પ્રવેશ નહીં આપવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

પરિણામે, એજન્ટો અને ડીલરો બંને આખો દિવસ આરટીઓ કચેરીની બહાર જાહેર રસ્તા પર અડીંગો જમાવીને બેસી રહ્યા હતા. આરટીઓ વિભાગનું કહેવું છે કે કચેરીમાં પારદર્શિતા અને ભ્રષ્ટાચાર રોકવા માટે આ કાર્યવાહી જરૂરી છે. આ સમગ્ર ઘટનાને લઈ સુરત આરટીઓ કચેરીમાં આગામી દિવસોમાં વધુ ઘમાસાણ સર્જાય તેવી શક્યતા જોવાઈ રહી છે.

### ચોક્કસ એજન્ટોને એન્ટ્રી અપાતા ગણગણાટ

આ દરમિયાન આરટીઓ અધિકારી દ્વારા કચેરી પરિસરમાં અચાનક સરપ્રાઇઝ વિઝિટ કરવામાં આવી હતી. અધિકારી કોઈ આગોતરી સૂચના વગર કચેરીમાં ચાલતા ફરજિયાત કામકાજનું નિરીક્ષણ કરતા જોવા મળ્યા હતા. જો કે, ચર્ચાસ્પદ રીતે અમુક સમય બાદ કેટલાક ‘માનીતા’ અને ઓળખીતા એજન્ટોને અંદર પ્રવેશ આપવામાં આવ્યો હોવાનું પણ સામે આવ્યું છે, જેને કારણે ‘નો એન્ટ્રી’ના નિર્ણય પર સવાલો ઉઠ્યા છે.

# સતત ત્રીજા દિવસે વાદળો વચ્ચે ગરમીનો અનુભવ

**મહત્તમ** તાપમાન 33.8, લઘુત્તમ તાપમાન નજીવું ઘટીને 19.6, ઠંડી સવારે-રાત્રે માત્ર નામ પૂરતી

સુરતઃ શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી વાદળછાયું વાતાવરણ યથાવત છે. સાથે જ આજે તાપમાનમાં સામાન્ય વધઘટ પણ યથાવત રહેવાની સાથે બપોરે ગરમીનો અહેસાસ થયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ સુરત શહેરમાં આજે મહત્તમ તાપમાન આંશિક ઘટીને 33.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગઈકાલે 33.8 ડિગ્રી હતું. જ્યારે લઘુત્તમ તાપમાનમાં અડધો ડિગ્રીનો ઘટાડો નોંધાઈ આજે 19.6 ડિગ્રી સેલ્સિયસ થયું છે. શહેરમાં હવામાં 54 ટકા ભેજ નોંધાયો હતો અને ઉત્તર-પશ્ચિમ દિશામાંથી 6 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાઈ રહેલી ઠંડીના મોજામાંથી શહેરવાસીઓને હવે આંશિક રાહત મળી છે. હવામાનમાં આવેલા નોંધપાત્ર ફેરફારને કારણે લઘુત્તમ તાપમાનમાં છેલ્લા દિવસોમાં 3થી 5 ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો છે.

ઠંડા પવનોની ગતિ ધીમી પડતાં દિવસ દરમિયાન વાતાવરણમાં ગરમાવો અનુભવાઈ રહ્યો છે, જો કે વહેલી સવાર અને મોડી રાત્રે હજુ પણ આંશિક ઠંડી યથાવત જોવા મળી રહી છે.

શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આજે પણ આખો દિવસ આકાશમાં વાદળોની ચાદર છવાયેલી રહી હતી, જેના કારણે તાપમાનમાં મોટો ઉછાળો આવ્યો નથી. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે, તેમજ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા હાલ નથી.

### બાળકી વેચવાના કેસમાં માતા અને તેના બોય ફ્રેન્ડની ધરપકડ

સુરતઃ મહારાષ્ટ્રના સંભાજીનગર (ઔરંગાબાદ)થી માત્ર 10 દિવસની નવજાત બાળકીને છળકપટથી મેળવી સુરતમાં વેચવા માટે લાવેલી 2 મહિલા ઝડપાયાના કિસ્સામાં હાલ ચોક પોલીસ વધુ તપાસ કરી રહી છે. ચોક પોલીસે બંને પકડાયેલી મહિલાના વધુ પૂછપરછ માટે બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આ મામલે ચોક પોલીસે તપાસ માટે બાળકની માતા સહિત 3ને પૂછપરછ માટે બોલાવ્યા હતા. સમગ્ર મામલે તેમની પણ સંડોવણી બહાર આવતા પોલીસે તેમની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓમાં પોલીસે બાળકીની માતા આરતી બાલુ ભોટકર (ધંધો-ખેતમજુરી રહે. ઉંડનગાવગામ તા.સિલ્લોડ જી.સંભાજીનગર), અનિતા જ્ઞાનેશ્વર ભોટકર (ધંધો-મજુરી રહે- સાસુરવાડા ગામ તા.સિલ્લોડ, જી. સંભાજીનગર, ઔરંગાબાદ), દિપક બાલુ ભોટકર (ધંધો-ખેતમજૂરી રહે. ઉંડનગાવ ગામ તા.સિલ્લોડ જી.સંભાજીનગર,ઔરંગાબાદ)નો સમાવેશ થાય છે.

# કતારગામના બિલ્ડર સાથે રૂપિયા 1.15 કરોડની છેતરપિંડી

**પોલીસ** કમિશનરની મંજૂરી બાદ ઇકો સેલે ગુનો નોંધ્યો

સુરત : કતારગામમાં રહેતા અને જમીન-બાંધકામ સાથે સંકળાયેલા વૃદ્ધ બિલ્ડરને ભરૂચના અંકલેશ્વર સ્થિત દઢાલ ગામની જમીનમાં ભાગીદાર બનાવવાની લાલચ આપી રૂપિયા 1.15 કરોડની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઠગે જમીનમાં ભાગીદારો છૂટા કરવાનું બહાનું બનાવી બિલ્ડર પાસે પૈસા પડાવ્યા બાદ ઠેંગો બતાવતા મામલો પોલીસ કમિશનર સુધી પહોંચ્યો હતો. સમગ્ર મામલે ઈકો સેલે તપાસ બાદ કતારગામ પોલીસમાં ઠગ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

કતારગામ અલકાપુરી ખાતે શ્રીનીકેતન સોસાયટીમાં રહેતા 67 વર્ષીય જયંતિભાઈ મોહનભાઈ ઘડુક જમીન લે-વેચ અને કન્ટ્રક્શનનો વ્યવસાય કરે છે. તેમની જ સોસાયટીની બાજુમાં રહેતા બાબુભાઈ હરીભાઈ ગોધાણી(હાલ રહે. જૂની પુષ્પ કુંજ સોસાયટી,સુમુલ ડેરી રોડ)સાથે છેલ્લા 15 વર્ષથી તેમની ગાઢ મિત્રતા હતી. વર્ષ 2018માં બાબુભાઈએ જયંતિભાઈને વિશ્વાસમાં લીધા હતા કે અંકલેશ્વરના દઢાલ ગામે તેમની જમીન આવેલી છે, જેમાં રમેશ ગજેરા સહિત અન્ય ત્રણ ભાગીદારો છે.

ભાગીદારો સાથે તકરાર હોવાથી તેમને છૂટા કરવા માટે નાણાંની જરૂર છે, જો જયંતિભાઈ નાણાં આપે તો તેમને આ જમીનમાં 40 ટકાના ભાગીદાર બનાવવામાં આવશે તેવો વાયદો કરવામાં આવ્યો હતો. બાબુભાઈના વાયદા પર વિશ્વાસ રાખી જયંતિભાઈએ વર્ષ 2018-19 દરમિયાન ટુકડે-ટુકડે રૂપિયા 1.90 કરોડ રોકડા ચૂકવ્યા હતા. જે પૈકી વિશ્વાસ જાળવી રાખવા આરોપીએ રૂપિયા 50 લાખ પરત કર્યા હતા અને બાકીના રૂપિયા 1.40 કરોડ જમીનમાં ભાગીદારી પેટે જમા રાખ્યા હતા. જોકે, લાંબો સમય વીતવા છતાં આરોપીએ જયંતિભાઈને જમીનમાં ભાગીદાર બનાવ્યા નહોતા. ઉલટું, આ જમીન બજારમાં અન્યને વેચવા માટે તજવીજ હાથ ધરી હતી.

વારંવારની ઉઘરાણી બાદ વર્ષ 2020માં બંને વચ્ચે સમજૂતી કરાર થયો હતો, જેમાં આરોપીએ રૂપિયા 25 લાખ પરત કર્યા હતા. આમ, કુલ રૂપિયા 1.15 કરોડ પરત ન આપી વિશ્વાસઘાત આચરતા જયંતિભાઈએ સુરત પોલીસ કમિશનરને અરજી કરી હતી.

આ અરજીની તપાસ આર્થિક ગુના નિવારણ શાખા (ઈકો સેલ) દ્વારા કરવામાં આવ્યા બાદ, ઉચ્ચ કક્ષાએથી મંજૂરી મળતા કતારગામ પોલીસે બાબુભાઈ ગોધાણી વિરુદ્ધ B.N.S.ની કલમ 406 (વિશ્વાસઘાત) હેઠળ ગુનો નોંધી ઈકો સેલના પી.આઈ. એમ.એન. જાડેજાએ તપાસ શરૂ કરી છે.

### ચાર્જર બંધ કરવાનું ભૂલી ગયા તો ઈલેક્ટ્રિક બાઈક સળગી ગઈ

સુરતઃ આજે મળસ્કે વેલંજા ખાતે એક ઘરની અંદર ચાર્જિંગ પર મુકેલી ઈલેક્ટ્રિક બાઈક સળગી ઉઠી હતી. આ ઘટનામાં ઘરમાં સુતેલા પરિવારના સભ્યો સમયસર જાગીને સુરક્ષિત ઘરની બહાર નીકળી જતા જાનહાનિ ટળી હતી. ફાયર વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વેલંજા ચોકડી પાસે મિલેનિયમ રેસીડેન્સી ખાતે રહેતા અલ્પેશભાઈ લાડવાના ઘરમાં આજે વહેલી સવારે ઈલેક્ટ્રીક બાઈમાં આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. પરિવારના સભ્યો ગભરાઈ ગયા હતા, જો કે તેમણે હિંમત દાખવીને આગને ઓલાવવાનાં પ્રયત્નો કર્યા હતા. ફાયર બ્રિગેડને જાણ કરતા મોટાવરાછા ફાયર સ્ટેશનથી લાશ્કરો ઘટના સ્થળે પહોંચ્યા હતા. સબ ફાયર ઓફિસર રાકેશ ગાવિતે જણાવ્યું હતું કે ઈલેક્ટ્રિક બાઈક ચાર્જિંગ પર મુકવામાં આવી હતી, પંરતુ તેની સ્વિચ બંધ કરવાનું ભૂલી ગયા હતા. મળસ્કે લગભગ 5 વાગ્યે બાઈકમાં આગ લાગી જતા સળગી ગઈ હતી.

# નાનપુરામાં પટ્ટા સાથે ખુલ્લેઆમ મારામારી કરનાર કિશોરો ઝડપાયા

**હિજડાવાડમાં** ગાડી ઓવરટેક કરવા બાબતે જાહેરમાં થયેલી મારામારી સોશિયલ મીડિયામાં વાયરલ



સુરત : માત્ર વાહન ઓવરટેક કરવા જેવી નજીવી બાબતે કેટલાક લબરમુછીયા યુવાનો વચ્ચે ઉગ્ર મારામારી થઈ હતી. રસ્તા વચ્ચે થયેલી આ બબાલનો વીડિયો સ્થાનિકોએ બનાવી લીધો હતો, જેમાં કિશોરો એકબીજા પર પટ્ટા અને લાકડા વડે હુમલો કરતા જોવા મળ્યા હતા. અઠવા વિસ્તારના હીજડા વાડ પાસે આ ઘટના બની હતી. શરૂઆતમાં માત્ર વાહન હટાવવા કે ઓવરટેક કરવા બાબતે બે પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. જોકે, આ બોલાચાલી જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. લગભગ 6થી વધુ કિશોરો અને યુવાનો એકબીજા પર તૂટી પડ્યા હતા. કિશોરો જાહેર રસ્તા પર જ એકબીજાના વાળ ખેંચીને, ધક્કામુક્કી કરીને અને લાતો મારીને હિંસા પર ઉતરી આવ્યા હતા. આ મારામારી એટલી હદે વકરી હતી કે યુવાનોએ રસ્તા પર પડેલા લાકડાની ફ્રેમ, કમરના પટ્ટા (બેલ્ટ) અને પથ્થરોનો હથિયાર તરીકે ઉપયોગ કરવાનું શરૂ કર્યું હતું. કેટલાક લોકોએ ઘટનાનો વીડિયો મોબાઈલમાં કેદ કરી લીધો હતો. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થતાં અઠવા પોલીસ હરકતમાં આવી હતી. પોલીસે વીડિયોના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સીસીટીવી ફૂટેજ અને વાયરલ વીડિયોના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ત્રણ કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરોની ઓળખ કરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં એ વાતની પુષ્ટિ થઈ છે કે ઝઘડાનું મુખ્ય કારણ માત્ર રસ્તા પર વાહન હટાવવા જેવી બાબત હતી. પોલીસે 6 જેટલા કિશોરોની અટકાયત કરી છે.